



દામોદર લીલા



માતા યશોદાના પ્રેમના બંધનમાં બંધાયેલા પરમાત્મા!

ધર્મરંગ
વ્યોમા સેલર

કારતક માસ એટલે ભક્તિ, દીપદાન અને ભગવાન શ્રીકૃષ્ણની અદ્ભુત દામોદર લીલાનું સ્મરણ કરવાનો પવિત્ર અવસર. દામોદર અષ્ટકમમાં વર્ણવાયેલી આ લીલા માત્ર બાળલીલા નથી પરંતુ ભગવાન અને ભક્ત વચ્ચેના નિર્મળ પ્રેમ, વાત્સલ્ય અને સમર્પણનું અદ્વિતીય દર્શન કરાવે છે.

સનાતન ધર્મમાં કારતક માસનું વિશેષ મહત્ત્વ છે. આ માસને દામોદર માસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સમગ્ર માસ દરમિયાન વૈષ્ણવ ભક્તો ભગવાન શ્રીકૃષ્ણ સમક્ષ દીપ પ્રગટાવીને દામોદર અષ્ટકમનું ગાન કરે છે. દામોદર અષ્ટકમના દરેક શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણની મધુર બાળલીલા અને માતા યશોદાના અતૂટ વાત્સલ્યનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

દામોદર શબ્દનો અર્થ સમજીએ તો 'દામ' એટલે દોરડું અને 'ઉદર' એટલે પેટ. જે ભગવાનના ઉદર પર દોરડું બાંધવામાં આવ્યું હતું તે દામોદર કહેવાયા. આ નામ પાછળ એક અત્યંત રસપ્રદ અને ભાવવિભોર કરી દેતી લીલા જોડાયેલી છે.

માખણચોર કાનુડાની બાળલીલા

એક દિવસ ગોકુળમાં માતા યશોદા પોતાના ઘરમાં દહીં વલોવીને માખણ તૈયાર કરી રહ્યાં હતાં. તે સમયે નટખટ કાનુડો માતા પાસે આવ્યો અને સ્તનપાન કરવા લાગ્યો. માતા યશોદા પોતાના લાલને પ્રેમથી દૂધ પીવડાવી રહ્યાં હતાં. એટલામાં ચૂલા પર મૂકેલું દૂધ ઊભરાવા લાગ્યું. માતા યશોદા કાનુડાને છોડીને દૂધ ઉતારવા દોડી ગયાં.

આ વાતથી કાનુડો નારાજ થયો. તેણે ગુસ્સામાં દહીંની મટકી ફોડી નાખી અને ઘરમાં રાખેલું માખણ ખાવા લાગ્યો. એટલું જ નહીં, વાંદરાઓને પણ માખણ ખવડાવવા લાગ્યો. જ્યારે માતા યશોદા પાછાં આવ્યાં ત્યારે દહીંની મટકી તૂટેલી જોઈને તેમને સમજાઈ ગયું કે આ કામ તેમના લાલાનું જ છે.માતા યશોદા હાથમાં લાકડી લઈને કાનુડાને પકડવા દોડ્યા. પરંતુ સમગ્ર બ્રહ્માંડને પોતાની અંદર સમાવી શકનાર ભગવાન શ્રીકૃષ્ણ પોતાની માતાથી બચવા માટે આમતેમ દોડવા લાગ્યા. અંતે માતાએ તેમને પકડી લીધા. માતાના ચહેરા પર પરસેવો હતો અને વાળની લટો વિખેરાઈ ગઈ હતી. આ જોઈને ભગવાનનું હૃદય માતાના પ્રેમથી પીગળી ગયું.

બે આંગળ જેટલું ઓછું પડતું દોરડું!

માતા યશોદાએ નક્કી કર્યું કે કાનુડાને ઉખળ સાથે બાંધી દેવો જોઈએ, જેથી તે ફરીથી તોફાન ન કરે. તેમણે દોરડું લાવીને કાનુડાના પેટ પર બાંધવાનો પ્રયત્ન કર્યો પરંતુ દોરડું બે આંગળ જેટલું ટૂંકું પડ્યું. તેમણે બીજું દોરડું જોડ્યું છતાં તે બે આંગળ જેટલું ટૂંકું જ પડતું રહ્યું.

ઘરમાંનાં બધાં દોરડાં જોડી દીધાં છતાં ભગવાન બંધાયા નહીં. અંતે માતા યશોદાની મહેનત, પરસેવો અને નિર્મળ માતૃપ્રેમ જોઈને ભગવાન શ્રીકૃષ્ણે પોતાની જાતને બંધાવા દીધી.

કારતક માસમાં ભગવાન દામોદરને દીપદાન કરવું જોઇએ

આ પ્રસંગ આપણને સમજાવે છે કે ભગવાનને માત્ર બળ, જ્ઞાન કે સંપત્તિથી પ્રાપ્ત કરી શકાતા નથી. તેમને પ્રાપ્ત કરવાનો સાચો માર્ગ છે નિર્મળ ભક્તિ અને પ્રેમ. કહેવાય છે કે ભગવાનને બાંધનાર બે આંગળનું રહસ્ય છે - એક ભક્તનો નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન અને બીજું ભગવાનની કૃપા.

નળ કુબેર અને મણિગ્રીવનો ઉદ્ધાર

માતા યશોદાએ કાનુડાને ઉખળ સાથે બાંધી દીધા. ત્યાર બાદ ભગવાન શ્રીકૃષ્ણ ઉખળને ખેંચતા ખેંચતા બે વિશાળ અર્જુન વૃક્ષોની વચ્ચે ગયા. ઉખળ વૃક્ષોની વચ્ચે ફસાઈ ગયું અને શ્રીકૃષ્ણે જોરથી ખેંચતાં બંને વૃક્ષો ધરાશાયી થઈ ગયાં.

આ વૃક્ષોમાં કુબેરના પુત્રો નળકુબેર અને મણિગ્રીવ જે શાપને કારણે વૃક્ષરૂપે બંધાયેલા હતા. ભગવાન શ્રીકૃષ્ણના સ્પર્શથી તેમનો ઉદ્ધાર થયો અને તેમને ફરીથી દિવ્ય સ્વરૂપ પ્રાપ્ત થયું. તેમણે ભગવાનની સ્તુતિ કરી અને પ્રભુને વંદન કરીને પોતાના ધામ તરફ પ્રયાણ કર્યું.

દામોદર અષ્ટકમનો ભાવાર્થ

દામોદર અષ્ટકમના રચયિતા સત્યવ્રત મુનિ છે. આઠ શ્લોકોમાં ભગવાનના સુંદર શ્યામસુંદર સ્વરૂપ, ગાલ પર વહેતાં આંસુ, આંખોમાંનો ભય, ગળામાં લટકતી માળા અને માતાના પ્રેમથી બંધાયેલા ભગવાનનું અદ્ભુત વર્ણન કરવામાં આવ્યું છે.

કારતક માસમાં ભગવાન દામોદરને દીપદાન કરવું જોઇએ. દીપદાન કરતી વખતે આપણે પણ આ ભાવ કેળવીએ કે આપણા જીવનમાં અહંકાર, સ્વાર્થ અને ભૌતિક આસક્તિનો અંધકાર દૂર થાય અને હૃદયમાં ભક્તિનો પ્રકાશ પ્રગટે.

કારતક માસ દરમિયાન ઇસ્કોનનાં દરેક મંદિરો અને કેન્દ્રોમાં દરરોજ સાંજે ભક્તિભાવપૂર્વક દામોદર અષ્ટકમનું સામૂહિક ગાન કરવામાં આવે છે. આ પ્રસંગે ભક્તો ભગવાન દામોદરને દીપદાન કરી તેમની આરતી ઉતારે છે અને ભક્તિભાવથી પ્રાર્થના કરે છે. દીપની જ્યોત સાથે ભક્તોનાં હૃદયમાં પણ શ્રીકૃષ્ણપ્રેમનો દિવ્ય પ્રકાશ પ્રગટે છે.

હું બાજુમાં જ બેઠો છું

માધવ મલ્હાર
તપન ત્રિવેદી

ઈશ્વર અંતર્યામી છે. સર્વત્ર છે. સર્વશક્તિમાન છે. શાસ્ત્રોમાં તો કહેવાયું છે કે ઈશ્વર મનુષ્યના હૃદયમાં જ રહેલો છે. શિવ જીવમાં રહેલો જ છે. શ્રીકૃષ્ણ ભગવાને તો શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છેઃ 'મમૈવાંશો' એટલે કે જીવ મારો જ અંશ છે. આત્મામાં જ પરમાત્મા બેઠો છે પણ માણસ એને પામવા વ્યર્થ ફાંફા મારે છે. પરમાત્મા આત્મામાં જ બેઠેલો છે, દરેકના આત્મામાં બેઠેલો છે એ વાત સ્વીકારી લઈએ તો પરમાત્માને પામવો સહેલો અને સરળ છે. સર્વત્ર એની અનુભૂતિ થઈ શકશે.

પરમ તત્ત્વ- કૃષ્ણ- એક વિરાટ સ્વરૂપ છે. વ્યક્તિત્વ છે. એને દસે દિશાએથી પામી શકાય છે, જોઈ શકાય છે, જાણી શકાય છે. યંત્રયુગના આ જમાનામાં ઈશ્વરની સર્વવ્યાપકતાને, એના અંતર્યામીપણાને સ્વીકારી લઈએ તો એની અનુભૂતિ સરળ અને સહજ છે. એટલું જ નહીં માણસને એની સમસ્યાઓનું નિરાકરણ પણ બહુ જલ્દીથી અને સરળતાથી મળી શકે છે. એના અવતારની પ્રતીક્ષા કરવાની જરૂર નથી.

'ગુજરાતમિત્ર'ની રવિવારીય પૂર્તિની 'બહુશ્રુત' કોલમના લેખક ચિરંતના ભટ્ટે તા. 6-9-2026ના રોજ તેમની કોલમમાં કૃષ્ણ સંદર્ભે જે લખ્યું હતું તે મને અંગત રીતે ખૂબ ગમી ગયું. એક નવો જ પ્રકાશ મળ્યો. નવું જ અર્થઘટન મળ્યું. તેમણે લખ્યું હતું કે '' હું ફરી ક્યારે આવીશ એ પૂછવાનું બંધ કરો. હું કોઈ દૂરના લોકમાં બેઠો નથી કે બધું અનુકૂળ યુગ આવે ત્યારે તમે મને બોલાવી લો. હું આજે પણ તમારી બાજુની બેઠક પર જ બેઠો છું.''

ખૂબ સરસ વાત છે. અધ્યાત્મનાં અભીપ્સુઓ માટે, સામાન્ય ઉપાસકો-સાધકો માટે, મુમુક્ષુઓ માટે પણ પ્રેરક છે. કૃષ્ણે ગીતામાં અવતાર ધારણ કરવાનું વચન આપ્યું છે એ સાચું પણ તેમણે ''મન્મના ભવ, મદ્ભક્ત, મદ્યાજી, મામ્ નમસ્કુરુ'' નો પણ આદેશ આપ્યો છે. તેમાંથી કદાચ આ જ હકીકત ફલિત થાય છે કે મારા



અવતાર ધારણ કરવાની પ્રતીક્ષા ન કરો. તમે મારામાં મન પરોવો. મારો ભક્ત બની જાઓ. મને નમસ્કાર કરો. તેમણે કહ્યું જ છેઃ મારો ભક્ત કદી નાશ પામતો નથી. એને યાદ કરીએ તો એ આવે જ છે. જો આપણે સઘળા જીવો તેમના જ અંશ છીએ તો તે આપણામાં રહેલો જ છે. ચિરંતનાબહેનના કહેવા પ્રમાણે તે આપણી બાજુમાં જ બેઠો છે. ખૂબ જ સરળ અને સહજ વાત છે. સમગ્ર અધ્યાત્મજગતનું આ તત્ત્વજ્ઞાન છે. 'નેતિ-નેતિ'નો આ જવાબ છે. ઉપાય છે. દર્શન છે. પરમ તત્ત્વની પ્રાપ્તિનો આ એક હાથવગો ઉપાય છે. સામાન્ય રીતે લોકોની માનસિકતા એવી હોય છે કે મુઠ્ઠી ઉઘાડો ને પરમાત્મા મળી જાય. સમસ્યાઓ રજૂ કરતાંની સાથે જ એનું નિવારણ થઈ જાય. એ બધાં જ લોકોએ આ વાત યાદ રાખવાની છે કે પરમાત્મા મારી બાજુમાં જ બેઠો છે. મારી અંદર જ છે. તે બધું જ જુએ છે. સાંભળે છે. માણસે

એ બધાં જ લોકોએ આ વાત યાદ રાખવાની છે કે પરમાત્મા મારી બાજુમાં જ બેઠો છે, મારી અંદર જ છે. તે બધું જ જુએ છે, સાંભળે છે, માણસે તો કેવળ એની સ્મૃતિને જ હૃદયમાં રાખવાની છે

તો કેવળ એની સ્મૃતિને જ હૃદયમાં રાખવાની છે. આપણું મન એનામાં પરોવવાનું છે. એના અવતારની વાતને અલગ રાખીને પણ બાજુમાં બેઠા હોવાનો ભાવ જ મનમાં રાખીશું તો ઈશ્વર હાથવગો જ છે. આપણને એ મદદ કરશે જ. આપણી સમસ્યાઓનું એ નિરાકરણ લાવશે જ લાવશે. સાથે જ એની ઉપાસના પણ અનિવાર્ય છે જ પણ એ ઉપાસના દરમ્યાન પણ એ જ ભાવ યાદ રાખીશું કે એ બાજુમાં જ બેઠો છે. તો આપણી ઉપાસના, જપ, ધ્યાન એ સ્વીકારશે જ. 'મન્મના ભવ' એનું વચન છે.'બાજુમાં જ બેઠો છું' નો ભાવ માત્ર કોઈ એક વ્યક્તિને જ ઉપકારક નથી પણ સામાજિક, કૌટુંબિક, રાષ્ટ્રીય અને સમસ્ત વિશ્વની શાંતિનાં મૂળ એમાં રહેલાં છે. વિશ્વનો પ્રત્યેક માનવી પરમાત્મા મારી 'બાજુમાં જ બેઠો છે' ના ભાવને હૃદયમાં ઘૂંટયા કરશે તો વ્યક્તિથી સમષ્ટિ સુધીની શાંતિ હાથવેંતમાં જ છે.